RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૭, ◆ અંકઃ ૯, ◆ સળંગ અંકઃ ૮૧, ◆ તા.૧૫/૦૭/૨૦૨૩, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશનની ૬૯મી વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે યોજાઇ જયેશભાઇ શાહ બન્યા નવા પ્રમુખ

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ હૉલ ખાતે AGMનું આયોજન સમગ્ર રાજ્યમાંથી સભ્યો રહ્યા ઉપસ્થિત





ટેક્સ ટુડે વતી GSTBAના નવનિયુક્ત પ્રમુખ જયેશભાઈ શાહ, ઉપ પ્રમુખ શૈલેષભાઈ મકવાણા તથા કારોબારી સભ્ય રજનીકાંતભાઈ કાલરિયાને શુભેચ્છા આપતા ટેક્સ ટુડેના લલિતભાઈ ગણાત્રા તથા ભવ્ય પોપટ

તા. ૨૮.૦૬.૨૦૨૩: જી.એસ.ટી. પ્રેક્ટિસ કરતાં ટેક્સ પ્રોફેશનલ્સના ગુજરાત રાજ્યના સૌથી મોટા એસોસીએશન એવા ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશનની ૬૯મી વાર્ષિક સાધારણ સભા (AGM) અમદાવાદના ચેમ્બર ઓફ કોમર્સ હૉલ ખાતે તારીખ ૨૭ જૂન ૨૦૨૩ ના રોજ યોજાઇ હતી. સમગ્ર રાજ્યમાંથી સભ્યો આ AGMમાં હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ હર્નિશ મોઢ દ્વારા તમામ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એજન્ડા મુજબના વિવિધ મુદ્દાઓ પર AGMમાં ચર્ચા કરી બહાલી આપવામાં આવી હતી. સંસ્થાના સભ્યોના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આગામી વર્ષ ૨૦૨૩ ૨૪ માટેના કારોબારીની વરણી AGMમાં કરવામાં આવી હતી. કારોબારી સમિતિની ૧૧ જગ્યાઓ માટે ૧૧ ફોર્મ જ આવેલ હોય ચૂટણી વગર જ સૌની સહમતીથી કારોબારી સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. કારોબારીના તમામ ૧૧ સભ્યોના નામ ચૂટણી અધિકારી સંજયભાઈ શેઠ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી અને અત્રક્ષ માં ઉપસ્થિત સભ્યોએ આ નામોની બહાલી આપી હતી. ૧૧ કારોબારી સભ્યો ઉપરાંત સંસ્થાના બંધારણ મુજબ એસોસીએટ સંસ્થાઓ પૈકી ૫ એસોસીએટ સભ્યોની નિમણૂક પણ AGMમાં કરવામાં આવી હતી. આ સભ્યોમાં સેંટરલ ગુજરાત ઝોન તરફથી વડોદરાના નરેન્દ્રભાઈ પટેલ, નોર્થ ગુજરાત ઝોન તરફથી બનાસકાંઠાના સચિનભાઈ ઠક્કર, સૌરાષ્ટ્ર ઝોન ૧ તરફથી ભાવનગરના રમેશભાઈ ત્રિવેદી, સૌરાષ્ટ્ર ઝોન ૨ તરફથી જુનાગઢના રજનીકાંત કાલરિયા તથા સાઉથ ઝોન તરફથી શશાંકભાઈ મીઠાઈવાલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. AGM બાદ કારોબારી સમિતિની મિટિંગ મળી હતી જેમાં સર્વાનુમતે જયેશભાઇ શાહની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આ મિટિંગમાં ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઈ પરમાર, સેક્રેટરી તરીકે પ્રિતેશભાઈ ગાંધી, આઉટસ્ટેશન સેક્રેટરી તરીકે સુરતના પ્રશાંતભાઈ શાહની તથા ખજાનચી તરીકે જયેશભાઇ ગાંધીની નિમણૂંક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ની કારોબારીના સેક્રેટરી શૈલેષભાઈ મકવાણા દ્વારા મિટિંગના અંતે આભારવિધિ કરવામાં આવી હતી.

**ધ ગુજરાત સેલ્સટેક્સ બાર એસોસીએશનના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને ટેક્સ ટુડે ટિમ વતી હાર્દિક શુભેચ્છા**

| | |
|---|---|
| જયેશભાઈ શાહ ................. | – પ્રમુખ |
| શૈલેષભાઈ મકવાણા ............ | – ઉપ–પ્રમુખ |
| નરેન્દ્રભાઈ પટેલ ................ | – ઉપ–પ્રમુખ આઉટ સ્ટેશન |
| પ્રિતેશભાઈ ગાંધી ............... | – મંત્રી |
| પ્રશાંતભાઈ શાહ ................ | – મંત્રી (આઉટસ્ટેશન) |
| નિખિલભાઈ ગાંધી .............. | – ખજાનચી |
| હર્નિશભાઈ મોઢ.................. | – ગત વર્ષ પ્રમુખ |
| બિપિનભાઈ ભાવસાર .......... | – કારોબારી સભ્ય |
| દર્શિતભાઈ શાહ................. | – કારોબારી સભ્ય |
| મેહુલભાઈ શાહ ................. | – કારોબારી સભ્ય |
| જયભાઇ ઠક્કર................... | – કારોબારી સભ્ય |
| નિતિશભાઈ શાહ ............... | – કારોબારી સભ્ય |
| જયેશભાઇ આચાર્ય ............ | – કારોબારી સભ્ય |
| સચિનભાઈ ઠક્કર............... | – એસોસીએટ મેમ્બર |
| રજનિકાંતભાઈ કાલરિયા ........ | – એસોસીએટ મેમ્બર |
| શશાંકભાઈ મીઠાઈવાલા......... | – એસોસીએટ મેમ્બર |
| રમેશભાઈ ત્રિવેદી ............... | – એસોસીએટ મેમ્બર |

## નડિયાદ ખાતે ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. ના વિષયો ઉપર ઓલ ગુજરાત ફેડરેશન તથા ટેક્સ પ્રેક્ટિશનર્સ એસો. નડિયાદના સંયુક્ત ઉપક્રમે સેમિનારનું આયોજન







તા. ૧૦.૦૭.૨૦૨૩: ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ અને ધ ટેક્ષ પ્રેક્ટિશનર એસોસિએશન નડિયાદ ના સંયુક્ત ઉપક્રમે ઈન્કમટેક્સ અને જીએસટી કાયદા અન્વયે હોટલ મેંગો કોટયાર્ડ ખાતે બીજો મોફીસીયલ સેમિનાર યોજાયો. આ સેમિનારના મોફીસીયલ કમિટી ચેરમેન પ્રફુલભાઇ શાહ, એજીએફટીસી પ્રમુખ સીએ રવી શાહ, ટીપીએ પ્રમુખ અમિત પંચાલ, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ ડૉ સીએ વિશ્વેશ શાહ, વાઇસ પ્રેસિડેન્ટ સુનિલભાઈ શાહ એજીએફટીસી મંત્રી શ્રીધર શાહ, ટીપીએ મંત્રી પ્રેમલ શાહ, વક્તાશ્રી હારિત ધારીવાલ, સમીર સિદ્ધપુરિયા ના વરદ હસ્તે ઉદઘાટિત કરેલ. આ પ્રસંગે ટેક્ષ વ્યવસાયિઓ રોજિંદા અપડેટ માટે ચેરમેન પ્રફુલ શાહ અને પ્રમુખ સીએ રવી શાહ, મંચસ્થ મહાનુભાવો હસ્તે માસિક બુલેટીન 'ટેક્ષ પલ્સ' પ્રકાશિત કરવામાં આવેલ.

ઈન્કમટેક્સ વિષય અન્વયે નવા ટેક્ષ ઓડિટ રિપોર્ટ અને નવા રિટર્ન ફોર્મ ફાઈલિંગ કરવા બાબત વક્તા શ્રી હરિત ધારીવાલ અને જીએસટી વિષય અન્વયે હાલમાં જીએસટી ઓડિટ નોટિસની પૂર્તતા બાબત પર શ્રી સમીર સિદ્ધપુરિયા એ ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે એજીએફટીસી પાસ્ટ પ્રેસિડેન્ટ એડવોકેટ ડૉ ધ્રુવેન શાહ, સહમંત્રી અમિત સોની, ટ્રેઝરર મૌલિક પટેલ, મિતીશ મોદી, ચેતન ગજ્જર આમ બંને એસોસિએશનના કારોબારી સભ્યો, જનરલ સભ્યો અમદાવાદ, સુરત, આણંદ, નડિયાદ, ગોધરા, કપડવંજથી ૧૦૦થી વધુ ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈને આ સેમિનારને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે, નડિયાદ**

## AGFTC દ્વારા પાલનપુર ખાતે ઈન્કમ ટેક્ષ વિષય પર સેમિનાર યોજાયો







તા. ૦૨.૦૭.૨૦૨૩: ગુજરાતની નામાંકિત સંસ્થા ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ટેક્ષ પ્રેક્ટિશનર એસોસિએશન પાટણ, સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર એન્ડ ઈન્ડસ્ટ્રી, લાયન્સ ક્લબ ઓફ પાલનપુર અને રોટરી ક્લબ પાલનપુર સીટી દ્વારા ઈન્કમટેક્સ કાયદા અન્વયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર શ્રી પિયુષભાઈ રાવલ (આસિસ્ટન્ટ ચેરિટી કમિશ્નર, પાલનપુર)એ જીએફ ટીસી પ્રમુખ રવી શાહ, મંત્રી શ્રીધર શાહ, કાર્તિકેય શાહ, વક્તા શ્રી મેહુલભાઈ ઠક્કર, અન્ય સહયોગી સંસ્થાના પ્રતિનિધિઓના વરદ હસ્તે ઉદઘાટિત કરવામાં આવેલ હતો. ઈન્કમટેક્સ વિષય પર વક્તા શ્રી મેહુલભાઈ ઠક્કરે ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપી સૌ ઉપસ્થિત શ્રોતાઓને મંત્ર મૃગ્ધ કરી દીધેલ. આ સેમિનારમા પૂર્વ પ્રમુખ ધ્રુવેન શાહ, આશુતોષ ઠક્કર, બકુલભાઈ શાહ, કેતન શાહ, રમેશ કચરાની, મહેન્દ્ર સ્વામી, આશિષ ટેકવાની, ધ્રુવિન મહેતા, મૌલીક શાહ તથા ગુજરાતભરના ટેક્ષ વ્યવસાયિઓ અને વેપારીઆલમ મોટી સંખ્યામાં જોડાઈ આ સેમિનારને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે પ્રતિનિધિ**

## સુરત ખાતે STAR તથા SGCTBA દ્વારા સંયુક્ત રીતે જ્ઞાન સાધના નામના જી.એસ.ટી. અંગેના સેમિનારનું આયોજન

**STAR (SOCIETY FOR TAX ANALYSIS & RESEARCH) તથા THE SOUTHERN GUJARAT COMMERCIAL TAX BAR ASSOCIATION, SURAT દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું આયોજન. સમગ્ર દેશમાંથી ૨૦૦ જેટલા ડેલીગેટ્સ રહ્યા ઉપસ્થિત**







તા. ૦૮.૦૭.૨૦૨૩: ટેક્સેશન ક્ષેત્રે જાણીતી સંસ્થા STAR (SOCIETY FOR TAX ANALYSIS & RESEARCH) તથા સુરત ખાતેના જી.એસ.ટી. પ્રેકટિશનર્સના એસોસીએશન ધ સધર્ન ગુજરાત કોમર્શિયલ ટેક્સ બાર એસોસીએશનના સહયોગથી સુરત ખાતે તા.૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ જી.એસ.ટી.ના વિવિધ વિષયો ઉપર જ્ઞાન સાધના નામથી એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવાસીય GST સેમિનારમાં જીએસટી ના વિવિધ વિષયો ઉપર દેશભરમાં જાણીતા GST વિશેષજ્ઞ દ્વારા ઉપસ્થિત સભ્યો સાથે જ્ઞાનની આપ લે કરવામાં આવી હતી. આ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ડો. વિનીત કોઠારી અને CGST ચિફ કમિશ્નર CA. ઉપેન્દ્ર ગુપ્તા ખાસ હાજર રહ્યા હતા. આ સંમેલનમાં વિવિધ જીએસટી વિશેષજ્ઞ દિલ્હીના એડવોકેટ તથા CA બિમલ જૈન, બેંગલુરુના વરિષ્ઠ એડવોકેટ વી.રઘુરમન, દિલ્હીના એડવોકેટ જે. કે. મિત્તલ અને દિલ્હીના એડવોકેટ સુજીત ઘોષ દ્વારા જીએસટીના વિવિધ મુદ્દાઓ પર સંમેલનમાં હાજર રહેલા ટેક્સ પ્રેક્ટિશનરોને જ્ઞાન આપવામાં આવ્યું. આ સંમેલનના અંતિમ સેશનમાં પેનલ ડીશકસનનું આયોજન કરાયું જેમાં ગાઈડ તરીકે એડવોકેટ ડો. અવિનાશ પોદાર, CA. આલોક ફરસૈય, એડવોકેટ ડો. ગૌરવ ગુપ્તા અને CA. આશુ દાલમિયાએ સેવા આપી હતી. આ પેનલ ડીસકશનમાં ઉપસ્થિત સભ્યોના પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતા. આ સંમેલનમાં આશરે ૧૦૦થી વધુ ટેક્સ પ્રેક્ટિશનરો હાજર રહ્યા હતા. કાર્યેક્રમને સફળ બનાવવા જાણીતા એડવોકેટ ડો. અવિનાશ પોદ્દારના તથા તમામ સ્ટાફ ગણે મહેનત ઉઠાવી હતી.

**રોનક પલાણ તથા ભાર્ગવ ગણાત્રા ટેક્સ ટુડે**

હાર્દિક શુભેચ્છા...



જયેશભાઈ શાહ
પ્રમુખ



પ્રિતેશભાઈ ગાંધી
મંત્રી (સેક્રેટરી)



પ્રશાંતભાઈ શાહ
(સેક્રેટરી)

ધ ગુજરાત સેલ્સટેક્સ બાર એસોસીએશનના નવનિયુક્ત હોદ્દેદારોને 'ટેક્સ ટુડે' પરિવાર તરફથી શુભેચ્છા

હાર્દિક શુભેચ્છા...



પ્રધાનજી પરમાર
પ્રમુખ



સચિન સી. ઠક્કર
મંત્રી (સેક્રેટરી)

ધ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ટેક્સ પ્રેકટિશનર્સ એસોસીએશનના નવનિયુક્ત હોદ્દેદારોને 'ટેક્સ ટુડે' પરિવાર તરફથી શુભેચ્છા

# જી.એસ.ટી.@7: થોડા હે થોડે કી જરૂરત હે...Happy G S T Day



By Bhavya Popat, Advocate

**તા. ૦૧.૦૭.૨૦૨૩:**

૦૧ જુલાઈ ૨૦૧૭ ના રોજ રાત્રિના ૧૨ કલાકે સંસદ ભવનના સેન્ટરલ હોલમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા નાણાંમંત્રી અરુણ જેટલી સહિત દેશભરના સાંસદોની હાજરીમાં જી.એસ.ટી. એટલેકે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. ભારતીય ટેક્સ પ્રણાલીમાં જી.એસ.ટી. કાયદો આમૂલ પરીવર્તન તરીકે ગણવામાં આવી રહ્યો હતો. ‘‘વન નેશન વન ટેક્સ વન માર્કેટ’’ એ જી.એસ.ટી. કાયદાની ‘‘પંચ લાઇન’’ અથવા તો "USP" પણ ગણી શકાય. આજે આ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને ૬ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આજે જી.એસ.ટી.ન ના છ વર્ષ પૂર્ણ થયા પછી પણ શે છે જમીની સ્તરે પરિસ્થિતી?? એ જાણવા આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. મોટા પ્રમાણમાં ‘‘ટેકનિકલ ગ્લિચ’’ સાથે શરૂઆત બાદ પોર્ટલમાં મહદ્દ અંશે સુધારો**

૦૧.૦૭.૨૦૧૭ થી લાગુ થયેલ જી.એસ.ટી. હેઠળ કરદાતાઓએ શરૂઆતના દિવસોમાં જી.એસ.ટી. પોર્ટલના કારણે ખૂબ તકલીફો વેઠી હતી. માઈગ્રેશનથી લઈ કંપોઝીશનની અરજીમાં, GSTR-1થી માંડીને GSTR-3 ભરવામાં જી.એસ.ટી. પોર્ટલ દ્વારા કરદાતાઓની અને ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સની ખરા અર્થમાં પરીક્ષા લીધી હતી. જી.એસ.ટી. લાગુ થયાના લગભગ ૧ વર્ષ સુધી પોર્ટલ દ્વારા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સન માટે ખૂબ પરેશાની ઊભી કરેલ હતી. કોઈ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધી તે ફોર્મ પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવવામાં ના આવ્યું હોય, ફોર્મ જ્યારે ઉપલબ્ધ બનાવવામાં આવ્યું હોય ત્યારે ટૂંકી મુદતમાં આ ફોર્મ ભરવા કરદાતાને જણાવવામાં આવ્યું હોય તેવા અનેક દાખલા સામે આવ્યા હતા. પરંતુ આજે છે વર્ષ પછી સ્થિતિ મહદ્દઅંશે સારી છે. નાના મોટા ટેકનિકલ પ્રોબ્લેમને બાદ કરતાં જી.એસ.ટી. પોર્ટલ સારી રીતે કાર્યરત છે. પણ હા ટેક્સ પ્રોફેશનલ્સ જુલાઈ ૨૦૧૭ આસપાસના ગાળામાં જી.એસ.ટી. પોર્ટલ ઉપરની ટેકનિકલ ક્ષતિઓના કારણે પોતે ભોગવેલ યાતના ક્યારેય ભૂલી શકશે નહીં તે ચોક્કસ છે. સરકાર જેને ‘‘ટીથીંગ ટ્રબલ’’ ગણી રહી હતી તે ‘‘ટીથીંગ ટ્રબલ’’ એ કરદાતા તથા ટેક્સ પ્રોફેશનલ્સના દાંત ખાંટા કરી નાખ્યા હતા.

**૨. અસંખ્ય નોટિફિકેશન–સર્ક્યુલર–ઓર્ડર્સ**

જી.એસ.ટી. કાયદો ૦૧ જુલાઈ ૨૦૧૭ થી લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારે જ નિષ્ણાંતો માની રહ્યા હતા કે જી.એસ.ટી. કાયદો ઉતાવળમાં, જોઈએ તેવી તૈયારી વગર લાગુ કરી આપવામાં આવ્યો છે અને આ કારણે જી.એસ.ટી. માં કરદાતાઓને અનેક તકલીફો પડી શકે છે. વાસ્તવમાં એજ પરિસ્થિતી ઊભી થઈ હતી. કાયદામાં રહેલી ત્રુટિઓ સુધારવા અનેક નોટિફિકેશન, સર્ક્યુલર તથા રીમુવલ ઓફ ડિફિકલ્ટી ઓર્ડર બહાર પાડવાની ફરજ પડી હતી. જી.એસ.ટી. પોર્ટલની ખામીના કારણે જી.એસ.ટી. હેઠળની મુદતોમાં અનેકવાર વધારો કરવામાં આવ્યો હતો. આ મુદતોમાં વધારો કરવા સમયે દર વખતે માત્ર કરદાતાના હિતમાં મુદત વધારવામાં આવેલ છે તેમ જણાવવામાં આવ્યું હતું. પરંતુ હકીકત એ હતી કે આ મોટાભાગની મુદતો જી.એસ.ટી. પોર્ટલના લાભાર્થે વધારવામાં આવી હતી. કાયદા તથા નિયમોમાં રહી ગયેલી ત્રુટિઓ ના કારણે અનેક નોટિફીકેશન બહાર પાડવાની જરૂર ઊભી થઈ હતી. આ નોટિફિકેશનની ભાષા પણ એટલી મુશ્કેલ રહેતી હોય છે કે સામાન્ય કરદાતા તો શું, નિષ્ણાંત ટેક્સ પ્રોફેશનલ્સ પણ અર્થઘટનમાં થાપ ખાઈ જતાં હોય છે!! આટલા મોટા પ્રમાણમા બહાર પાડવામાં આવેલ આ નોટિફિકેશન, સર્ક્યુલરના કારણે ‘‘ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ’’ તરીકે જે જી.એસ.ટી. લાગુ કરવાનો હતો તે ‘‘બેડ એન્ડ કોમ્પ્લેક્ષ ટેક્સ’’ બની ગયો હતો. આજે છ વર્ષે આ બાબતની સ્થિતિની વાત કરીએ તો જી.એસ.ટી. હેઠળ નોટિફિકેશન, સર્ક્યુલર વગેરેની સંખ્યામાં ચોક્કસ ઘટાડો આવ્યો છે પરંતુ આજે પણ નોટિફિકેશનની ભાષા આજે પણ એટલીજ ટેકનિકલ છે. આ પ્રકારે ટેકનિકલ ભાષામાં જ્યાં નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોય ત્યારે સ્થાનિક ભાષામાં આ અંગે ‘‘ટ્રેડ નોટિસ’’ બહાર પાડવી પણ જરૂરી છે. કાયદાથી ઉપરવટ જઈ નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોવાની ફરિયાદ પણ સતત ઉઠી જ રહી છે!!




## જી.એસ.ટી. ટ્રિબ્યુનલની સ્થાપના ૬ વર્ષ પછી પણ હજુ બાકી!!

**૩. જી.એસ.ટી. રિટર્નમાં સદંતર બદલાવ**

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યારે સામાન્ય રીતે કરદાતાએ GSTR 1, GSTR 2 તથા GSTR 3 જેવા ત્રણ અલગ અલગ ફોર્મમાં પોતાના રિટર્ન ભરવાના થતાં હતા. આ ત્રણે ફોર્મ ભરવાની મુદત પણ અલગ અલગ હતી. જી.એસ.ટી. રિટર્નની આ પદ્ધતિ બહાર પડતાંની સાથેજ નિષ્ણાંતો માની રહ્યા હતા કે રિટર્ન ભરવાની આ પદ્ધતિ જમીની સ્તરે લાગુ કરવી શક્ય બનશે નહીં. પોર્ટલની ખામીના કારણે શરૂઆતમાં GSTR 2 અને GSTR 3 ને મુલતવી રાખી GSTR 1 તથા તેની સાથે ‘‘સમરી રિટર્ન’’ તરીકે GSTR 3B નામનું ફોર્મ (જે ફોર્મ રિટર્ન નથી તેવા ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ તેને વિધિવત રીતે રિટર્નનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું) લાગુ કરવામાં આવ્યું હતું. હંગામી ધોરણે લાગુ કરવામાં આવેલ GSTR 3Bનું ફોર્મ આજે છ વર્ષ બાદ પણ ચાલુ છે. લાંબા સમય સુધી GSTR 2 અને GSTR 3 દ્વારા રિટર્નની આ પદ્ધતિની ને જડતાંથી પકડી રાખ્યા બાદ આખરે ૨૦૨૨ના બજેટમાં રિટર્ન ભરવાની આ પદ્ધતિને વિધિવત અલવિદા કહી દેવામાં આવી છે. હાલ, કરદાતાઓ GSTR 1 દ્વારા પોતાનું વેચાણ અને GSTR 3B દ્વારા પોતાના વેચાણ તથા આઉટપુટ ટેક્સ તથા ઈન્પુટ ટેક્સ ક્રેડિટની વિગતો દર્શાવી રિટર્ન ફાઈલ કરી રહ્યા છે. GSTR 2A, GSTR 2B જેવા નાના પણ ભયંકર ફોર્મ દ્વારા GSTR 2ની ભરપાઈ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા છ વર્ષથી કરદાતાઓની રિટર્ન રિવાઈઝ (રિટર્નમાં સુધારો) કરવાની સગવડ આપવાની માંગણી માન્ય રાખવામા આવી નથી!!!

**૪. ‘‘સિમલેસ ક્રેડિટ’’ નો મુખ્ય ઉદ્દેશ નથી રહ્યો યાદ!!**

‘‘સિમલેસ ક્રેડિટ’’ના મુખ્ય ઉદેશ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદાની આજે છ વર્ષ બાદ જો સૌથી ગંભીર ક્ષતિ ગણાય તો તે ક્ષતિ એ ગણી શકાય કે આજે છ વર્ષ બાદ જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી અત્યંત મુશ્કેલ બનાવી આપવામાં આવી છે. માલ અને સેવાઓ વચ્ચે ઈન્પુટ ક્રેડિટ મળી શકે, આંતર રાજ્ય માલ વિનિમયની ક્રેડિટ મળી શકે અને આ ક્રેડિટના કારણે માલ પર ટેક્સનો બોજો ઘટે અને માલ ગ્રાહકો માટે સસ્તો બને તે હેતુ જી.એસ.ટી. લાગુ કરવાનો મુખ્ય હેતુ હતો. પરંતુ આજે છ વર્ષ પછી જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી એ ‘‘લોઢાંના ચણા ચાવવા’’ જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. અવારનવાર પકડવામાં આવતા જી.એસ.ટી. હેઠળના કરચોરીના કૌભાંડના કારણે દિવસેને દિવસે જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી કરદાતા માટે મુશ્કેલ બનાવવામાં આવી છે. કરચોરોના કરચોરીની સજા હાલ પ્રમાણિક વેપારીઓ ભોગવી રહ્યા હોય તેવું જમીની સ્તરે ફલિત થઈ રહ્યું છે. જી.એસ.ટી.ને સફળ બનાવવા આ ક્ષતિ દૂર કરવી ખૂબ જરૂરી છે. ખરીદનાર વેપારી દ્વારા યોગ્ય જી.એસ.ટી. ચૂકવી ખરીદવામાં આવેલ માલ ઉપર વેચનાર વેપારી વેરો ના ભરે એવી પરિસ્થિતીમાં ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માન્ય ના રાખવામા આવે તે ક્યાંનો ન્યાય??? હા કરચોરીમાં સાંઠગાંઠ સાબિત થઈ તેવા ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવે તે બારોબાર છે પરંતુ સામાન્ય ધંધાકીય વ્યવહારમાં થતી ખરીદી ઉપર આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવી એ પાડાના વાંકે પખાલીને ડામ આપવા જેવી બાબત જ ગણી શકાય. આમ, કહી શકાય કે આજે વર્ષ બાદ ‘‘સિમલેસ ક્રેડિટ’’ મળી રહે તે હેતુ ફલિત થયો નથી.

**પ. જી.એસ.ટી. રજીસ્ટ્રેશન બાજી વધુ બગડી રહી છે!!**

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે સૌથી વધુ પ્રશંશા એ બાબતની કરવામાં આવતી હતી કે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો વેટ કાયદા કરતાં સરળ છે. ટેક્સ પ્રોફેશનલ્સ એક સુરે આ બાબતના વખાણ કરતાં જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે, જેમ જેમ જી.એસ.ટી. હેઠળ કરચોરીના કૌભાંડ બહાર આવતા ગયા તેમ તેમ જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવાની વિધિ મુશ્કેલ બનતી ગઈ. આજે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો ખૂબ મુશ્કેલ બની ગયો છે. જી.એસ.ટી. હેઠળ નવા નોંધણી દાખલાની અરજી કરતાં તમામ કરદાતાને જી.એસ.ટી. ડિપાર્ટમેંટ શંકાના નજરથી જોઈ રહ્યું છે. એક યા બીજા કારણ આપી જી.એસ.ટી. નોંધણીની અરજી નકારવામાં આવતી હોવાની ફરિયાદ સતત ઉઠી રહી છે. જી.એસ.ટી. નોંધણી બાબતે જી.એસ.ટી. શરૂઆતની પરિસ્થિતી કરતાં સ્થિતિ આજે છ વર્ષ બાદ વધુ ખરાબ જણાય આવે છે.

**૬. જી.એસ.ટી. ટ્રિબ્યુનલની આજે છ વર્ષ પછી પણ નથી કરવામાં આવી રચના!!**

જી.એસ.ટી. એક નવો કાયદો હોય તકરારોનું પ્રમાણ વધુ રહે તે સ્વાભાવિક છે. આજે જી.એસ.ટી. કાયદાની રચનાને છ વર્ષ પુર્ણ થયા પછી પણ જી.એસ.ટી. ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવેલ નથી. છ–છ વર્ષ સુધી કોઈ કાયદામાં જોગવાઈ હોવા છતાં ટ્રિબ્યુનલની સ્થાપના ના કરવામાં આવી હોય તે કદાચ આ પ્રથમ ઘટના હશે. સુપ્રીમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટ દ્વારા પણ આ બાબતે ટકોર કરવામાં આવેલ છે. અનેક પક્ષકારોએ ટ્રિબ્યુનલ ના હોવાના કારણે અનેક કરદાતાઓએ હાઈકોર્ટના દ્વારા ખખડાવવા પડ્યા છે. એવા પણ કિસ્સા મોટા પ્રમાણમાં છે જ્યાં ટ્રિબ્યુનલના હોવાના કારણે કરદાતા દ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ લાંબા–ખૂબ લાંબા સમય સુધી પડતર રાખવામા આવી રહી છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચેકપોસ્ટ બાબતેની અપીલનો મોટો ભરાવો થયેલ છે.

જી.એસ.ટી. લાગુ કરવાની હિમ્મત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેવા બાહોશ અને હિમ્મતવાન પ્રધાનમંત્રી જ કરી શકે એ ચોકકસ છે. જી.એસ.ટી. લાગુ કરવામાં પડેલ વિવિધ સમસ્યાઓનો દ્રઢતાથી સામનો કરી, જી.એસ.ટી. લાગુ કરવા અડગ રહી ૦૧ જુલાઈ ૨૦૧૭ થી જી.એસ.ટી. લાગુ કરવો એ પ્રધાનમંત્રીએના મક્કમ મનોબળનો પુરાવો છે. સૈદ્ધાંતિક રીતે જી.એસ.ટી. લાગુ કરવો દેશના તથા વેપારના હિતમાં છે તે બાબતે કોઈ બે મત નથી. પરંતુ જી.એસ.ટી. જોઈએ તેવો ‘‘સ્મૂથલી’’ લાગુ થઈ શક્યો નથી એ પણ હકીકત છે. આજે છ વર્ષ પછી પણ ઘણી બાબતો એવી છે જેમાં ફેરફારને અવકાશ છે. આવી બાબતોમાં સૌથી વધુ જરૂર છે તો તે છે કરદાતા પ્રત્યેના વલણના બદલાવની જ્યાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા દરેક વેપારી/કરદાતાને શંકાની નજરે જોવામાં આવે છે!! અંતે જી.એસ.ટી. વિષે એટલું જ કહી શકાય છે કે ‘‘થોડા હે.. થોડે કી ઝરૂરત હે!!!’’

# મુસાફિર હું યારો-G20 સમિટ ૨૦૨૩@ડ્યુ



તા. ૦૨.૦૭.૨૦૨૩: ભારત દેશના એક નાગરિક તરીકે આપણે સહુએ ગૌરવ અનુભવવા જેવી બાબતએ છેકે આ વર્ષે એટલેકે ૨૦૨૩ના વર્ષમાં દુનિયાના ૧૯ શક્તિશાળી દેશોના પ્રતિનિધિઓ વચ્ચે યોજાતી G20 (ગ્રૂપ ઓફ ૨૦)ની યજમાની ભારત કરી રહ્યું છે. શું આપને ખ્યાલ છે કે આ G20 સમિટ એટ્લે શું? અને આ ગ્રૂપમાં કયા–કયા દેશો સામેલ છે?? જો ના ! તો ચાલો આપણે આજે જાણીએકે આ ગ્રૂપના મેમ્બર દેશોમાં આરજેનટીના, ઑસ્ટ્રિલિયા, બ્રાઝિલ, કેનેડા, ચાઈના, ફ્રાંસ, જર્મની, ભારત, ઇંડોનેશિયા, ઇટલી, જાપાન, મેકસીકો, રિપબ્લિક ઓફ કોરિયા, રશિયા, સાઉદી અરેબિયા, સાઉથ આફ્રિકા, ટર્કી, યુકે, અમેરિકા, યુરોપીયન યુનિયન જેવા સક્ષમ દેશો સામેલ છે. આ સિવાય મહેમાન દેશોમાં બાંગલાદેશ, ઈજિપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડ, નાઈજીરિયા, ઓમાન, સિંગાપોર, સ્પેન અને યુ.એ.ઇ. સામેલ છે.

જી૨૦ની યજમાની કરતો દેશ પોતાના એજેંડા મુજબ આખા વર્ષ દરમિયાન ચાલતી આ સમિટનું સંપૂર્ણ આયોજન કરે છે. આ સમિટ કુલ બે ટ્રેક વહેચયેલી છે એક ફાઇનન્સ ટ્રેક અને બીજો શેરપા ટ્રેક. ફાઈનાન્સ ટ્રેકની આગેવાની ફાઇનન્સ મિનિસ્ટર અને સેંટ્રલ બેન્કના ગવર્નર દ્વારા કરવામાં આવે છે જ્યારે શેરપા ટ્રેક શેરપા એટલેકે પોલિટિકલ બ્યુરોકેટ્સ દ્વારા આગેવાની કરવામાં આવે છે. આ સમિટમાં દરેક મેમ્બર દેશના ઉજ્જવળ ભવિષ્યને લગતી અનેક બાબતો જેમકે શિક્ષણ, પર્યાવરણ, સ્વાસ્થ્ય, કૃષિ, ઉર્જા, જળ અને વાયુ પ્રદૂષણ, આબોહવા પરીવર્તન, મેક્રો ઈકોનોમી અને ભ્રસ્ટાચાર જેવા અનેક જટિલ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને તેના ઉપર ચર્ચા–વિચારણા કરવામાં આવે છે.

G20ની શરુવાત ફાઇનન્સ મિનિસ્ટર દ્વારા ૧૯૯૯માં કરવામાં આવી હતી ત્યારબાદ તેમના લીડરોની પ્રથમ મિટિંગ અમેરિકાના વોશિંગ્ટન ડી. સી. ખાતે ૨૦૦૮માં મળી હતી. ગયા વર્ષે એટલેકે ૨૦૨૨ની G20 સમિટની યજમાની ઇંડોનેશિયાએ કરી હતી અને હવે પછીના ૨૦૨૪માં યોજાનારી સમિટનું ભાવિ યજમાન દેશ બ્રાઝિલ હશે. દરવર્ષે યોજાતી G20 સમિટમાં કોઈ એક ફિક્સ પ્રેસિડેંટ નથી પરંતુ આગલા વર્ષનો યજમાન દેશનો પ્રેસિડેંટ, ભવિષ્યમાં યોજાનારી સમિટના યજમાન દેશનો પ્રેસિડેંટ તથા ચાલુ વર્ષે યોજાયેલ સમિટ દેશનો પ્રેસિડેંટ એમ કુલ ત્રણ પ્રેસિડેંટો આખી ઈવેન્ટનું સંપૂર્ણ સંચાલન સાથે મળીને કરે છે. આ વર્ષે ભારત ખાતે યોજાયેલ G20 સમિટની થીમ – વાસુધેવ કુટુંબક્મ ONE EARTH, ONE FAMILY, ONE FUTURE છે. ૨૦૨૩ની પ્રથમ સમિટની શરૂવાત ૦૧ ડિસેમ્બર ૨૦૨૨થી ચાલુ થઈ છે જે સાલ ભાર દેશના વિવિધ રાજ્યોમાં જેમકે બેંગલુરુ, ચંડીગઢ, ચેન્નઈ, ગૌહાટી, ઈન્દોર, જોધપુર, ખજુરાહો, કોલકાતા, લખનૌ, મુંબઈ, દિલ્લી, પૂના, શ્રીનગર, કચ્છ, સુરત, તિરુવંતપુરમ, ઉદયપુર, ઋષિકેશ, લક્ષદ્વીપ અને દીવ (દમણ-દીવ)માં યોજાનાર છે.

મારા સદનસીબ હતા કે મને પણ 20 MAY 2023ના રોજ દીવ ખાતે યોજાયેલ G20 શેરપા સમિટમાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો. આ સમિટના મુખ્ય મહેમાન તરીકે શેરપા શ્રી અમિતાભ કાંત અને દમણ દીવ અને દાદરાનગર હવેલીના પ્રસાશક શ્રી પ્રફુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. દીવમાં યોજાયેલ સમિટની મુખ્ય થીમ BLUE OCENE હતી, જેમાં દુનિયા અનેક દેશોના વૈજ્ઞાનિકો જોડાયા હતા. દીવ પ્રશાસન દ્વારા સમિટમાં પધારેલ દરેક મહેમાનોનું ખૂબજ ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીવની દરેક ઐતિહાસિક ઈમારતો અને મુખ્ય રસ્તાઓને ખૂબજ સુંદર રોશનીથી શણગારવામાં આવ્યા હતા. મહેમાનોના મનોરંજન માટે ભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કલાકારોએ વિવિધ લોકનૃત્યો દ્વારા ભારત દેશની વિવિધતામાં એકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. અતિથિઓ માટે મહાભોજનનું આયોજન દીવ કિલ્લા તેમજ આઇ.એન.એસ. ખુખરી મેમોરિયલ ખાતે કરવામાં આવ્યું હતું. અંતે દીવ પધારેલ દરેક મહેમાનોએ ભરપેટે ભારત દેશની યજમાનીના વખાણ કર્યા હતા.

અમારી ટીમના સભ્યોને શીરે દીવ હેરિટેજના પ્રોમોશનના ભાગરૂપે દીવ કિલ્લા તેમજ ખુખરી મેમોરિયલના ઈતિહાસ વિષે પધારેલ મહેમાનોને અવગત કરવાની જવાબદારી હતી. આ કાર્યક્રમમાં મારા માટે ખૂબજ અદ્‌ભૂત અને અવિસ્મરણિય બની ગયો. આ પ્રસંગે લેવાયેલ થોડી તસ્વીરો આપ સમક્ષ રજૂ કરું છું. આશા છે કે આપને ગમશે.

**કૌશલ પારેખ, દીવ**
**(૯૬૨૪૭૯૭૪૨૨)**

# શેર બજારના વ્યવહારો ઈન્કમ ટેક્સ રિટર્નમાં યોગ્ય રીતે દર્શાવવા છે જરૂરી!! આ વ્યવહારો દર્શાવવામાં ચૂક કરવાથી આવી શકે છે મોટી જવાબદારી

## ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર TIS ઉપર આવેલ માહિતીને ધ્યાને લઈ આ વ્યવહારો દર્શાવવા છે જરૂરી

**By Bhavya Popat - ૧૦.૦૭.૨૦૨૩**

કોરોના કાળમાં ખાસ કરીને લોકડાઉન દરમ્યાન સામાન્ય લોકોના શેર બજારમાંના રોકાણમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે તેવા અહેવાલો છે. એક ટેક્સ એડવોકેટ તરીકે એવો અનુભવ થયો છે કે શેર બજારના રોકાણમાં થયેલ આ વધારાના કારણે શેર બજાર ઉપર લાગતા ટેક્સ બાબતેના પ્રશ્નોમાં પણ વધારો થયો છે. આજે આ લેખમાં શેર બજારના વ્યવહારો ઉપર લગતા ઈન્કમ ટેક્સ અંગેના સામાન્ય નિયમોની ચર્ચા કરવામાં આવેલ છે.

**ટૂંકા ગાળાનો મૂડી નફો (શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન)**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના સુધીમાંજ આ શેરનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને ટૂંકા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન (STCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૨ ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ગણવામાં આવે છે. આવા ટૂંકા ગાળાના નફા ઉપર ૧૫% ના દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. કરદાતાની અન્ય આવક ઉપર જે કોઈ પણ દર લાગુ હોય પરંતુ શેર બજારના વ્યવહાર ઉપર જ્યારે શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ઉદ્દ્ભવેલ હોય ત્યારે તેના ઉપર ૧૫% ના દરે જ ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. આ તકે એ બાબત જાણવી જરૂરી છે કે શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન એ માત્ર ડિલિવરી બેઇઝ વ્યવહારો માટે લાગુ પડે. શેરની ડિલિવરી લીધા સિવાય માત્ર ‘‘ઈન્ટ્રા ડે’’ વ્યવહારો જેવા વ્યવહારો માટે ઈન્કમ ટેક્સ હેઠળ અલગ જોગવાઈ લાગુ પડે છે જેની ચર્ચા હવે પછી આ લેખમાં કરવામાં આવેલ છે.




**લાંબા ગાળાનો મૂડી નફો (લોંગ ટર્મ કેપિટલ ગેઇન)**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના બાદ આ શેરોનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને લાંબા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં લોંગ ટર્મ કેપિટલ ગેઇન (LTCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૦ ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને લોંગ ટર્મ કેપિટલ ગેઇન ગણવામાં આવે છે. લાંબા ગાળાના મૂડી નફા ઉપર ૧૦% ના રાહતકારક દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. જો કે લાંબા ગાળાના મૂડી નફા સંદર્ભે કરદાતાઓને ૧ લાખ સુધીની વિશિષ્ટ મુક્તિ આપવામાં આવેલ છે. આમ, કરદાતાને લાંબાગાળાનો મૂડી નફો ૧ લાખથી વધુ થાય તો તે વધારાના નફા ઉપર જ ૧૦% ના દરે વેરો ભરવાની જવાબદારી આવશે.

**લાંબા ગાળાના મૂડી નફા બાબતે ‘‘ગ્રાન્ડફાધરિંગ કલોઝ’’ અંગેની એક વિશિષ્ટ રાહત!!**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ સુધી લાંબા ગાળાનો મૂડી નફો કરમુક્ત હતો. લાંબા ગાળાના મૂડી નફા કેટલો પણ મોટો હોય તેના ઉપર ટેક્સની કોઈ જવાબદારી આવતી ના હતી. પરંતુ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલ બજેટ ૨૦૧૮ માં આ કરમુક્તિ પાછી ખેચી લેવામાં આવી હતી. આ કરમુક્તિ પાછી ખેંચી હોવાની સાથે જ કરદાતાઓને એક વિશિષ્ટ લાભ આપવામાં આવ્યો છે. ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ પહેલા જે કોઈ કરદાતાઓ એ કોઈ શેરની ખરીદી કરેલ હોય અને આ શેરનું વેચાણ તેઓ દ્વારા લાંબા ગાળા દરમ્યાન (૧૨ મહિના ધારણ કર્યા બાદ) કરવામાં આવે તો તેઓની ખરીદ કિંમતની ગણતરીમાં વિશિષ્ટ લાભ આપવામાં આવે છે. આ લાભની ગણતરી ટેકનિકલ હોય, આ પ્રકારના લાંબાગાળાના નફાની ગણતરી કરાવવા પોતાના ટેક્સ પ્રોફેશનલ્સની સલાહ લેવી જરૂરી છે.

**ઈન્ટ્રા ડે ટ્રેડિંગ ઉપર ટેક્સની જવાબદારી**

ઈન્ટ્રા ડે ટ્રેડિંગ એટ્લે એ પ્રકારના શેર બજારના વ્યવહાર જેમાં વ્યક્તિ ખરીદેલા શેરની ડિલિવરી પોતાના ડીમેટ એકાઉન્ટમાં આવે એ પહેલા જ તેનું વેચાણ કરી આપતા હોય. આ પ્રકારના શેર વ્યવહારને ઈન્કમ ટેક્સ હેઠળ સટ્ટાકીય આવક ગણવામાં આવે છે જેને અંગ્રેજીમાં ‘‘સ્પેક્યુલેશન બિઝનેસ ઈન્કમ’’ ગણવામાં આવે છે. આ પ્રકારના વ્યવહારો ઉપર કરદાતા પોતાના સામાન્ય રીતે લાગુ દરે ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બને છે.

**ફ્યુચર્સ એન્ડ ઓપ્શન વ્યવહારો ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી**

ફ્યુચર અને ઓપ્શનમાં શેર બજારમાં વ્યવહાર કરતાં કરદાતાઓની આવક એ ઈન્કમ ટેક્સ હેઠળ ધંધાકીય આવક ગણાય છે. પરંતુ આ પ્રકારના વ્યવહાર એ સટ્ટાકીય વ્યવહારો ગણાય નહીં પરંતુ સામાન્ય ધંધાકીય આવક તરીકે ગણવામાં આવશે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શનની ધંધાકીય આવક ઉપર કરદાતા પોતાને લાગુ જે તે રેઈટ ઉપર ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બનશે.

**શેર બજારના વ્યવહારોનું નુકસાન પછીના વર્ષમાં બાદ મળે?**

શેર બજારમાં વ્યવહારો કરતાં વ્યક્તિ માટે આ પ્રશ્ન ખૂબ સામાન્ય રહેતો હોય છે. કોઈ વર્ષમાં ઉદ્દભવેલ નફા સામે જૂના વર્ષોમાં થયેલ નુકસાન બાદ મળે? નુકસાન સેટ ઓફ કરવાના નિયમો અલગ અલગ માટે વ્યવહારો સામે અલગ અલગ રહેતા હોય છે. મૂડી નફાનું (નુકસાનનું) સેટ ઓફ માત્રને માત્ર મૂડી નફાની ભવિષ્યની આવક સામે થઈ શકે છે. આવકના અન્ય સ્ત્રોત સામે મૂડી નુકસાનનો ‘‘સેટ ઓફ’’ થઈ શકે નહીં. એમાં પણ, લાંબાગાળાના મૂડી નુકસાનનું ‘‘સેટ ઓફ’’ માત્ર ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા સામે જ થઈ શકે છે. જ્યારે ટૂંકા ગાળાના મૂડી નુકસાનનું સેટ ઓફ ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા અથવા તો ટૂંકા ગાળાના મૂડી નફા બન્ને સામે થઈ શકે છે. સટ્ટાકીય વ્યવહારો (ઈન્ટ્રા ડે ટ્રેડીંગ) અંગેનું નુકસાન માત્ર ભવિષ્યમાં ઉદ્દભવતા સટ્ટાકીય વ્યવહારોના નફા સામે જ ‘‘સેટ ઓફ’’ થઈ શકે છે. જ્યારે ધંધાકીય વ્યવહારો (F & O વ્યવહારો)નું નુકસાન અન્ય ધંધાકીય આવક ઉપરાંત અન્ય આવક સામે પણ ‘‘સેટ ઓફ’’ થઈ શકે છે. એ બાબત યાદ રાખવી ખૂબ જરૂરી છે કે કોઈ પણ નુકસાન ભવિષ્યના વર્ષમાં ‘‘સેટ ઓફ’’ લેવા માટે જે વર્ષમાં નુકસાન ઉદ્દભવ્યું હોય તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન ઈન્કમ ટેક્સ હેઠળ સૂચિત સમય મર્યાદામાં ભરવું અનિવાર્ય છે. આમ, ઓડિટ સિવાયના કરદાતાઓ હોય તેઓના માટે ૩૧ જુલાઈ તથા ઓડિટ કરાવવા જવાબદાર કરદાતાઓ માટે ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવે તો જ ભવિષ્યના નફા સામે જે તે વર્ષનું નુકસાન ‘‘સેટ ઓફ’’ લઈ શકાય છે. આ તકે એક મહત્વની બાબત જાણવી જરૂરી છે કે જે તે વર્ષમાં કરદાતાને હાઉસ પ્રોપર્ટીની આવક (હાઉસિંગ લોન વ્યાજ સહિત) કે ધંધાકીય આવક (સટ્ટાકીય ધંધા સિવાયની) માં નુકસાન થયું હોય અને તેઓને તે જ વર્ષના લાંબા ગાળાના કે ટૂંકા ગાળાના મૂડી નફા સામે ‘‘સેટ ઓફ’’ મળી શકે છે.

શેર બજારના વ્યવહારો હાથ ધરવા એ સામાન્ય લોકો માટે જોઈએ તેટલું સહેલું નથી. એવી જ રીતે આ વ્યવહારોને ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવવા પણ રમત વાત નથી. આ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી કરદાતા પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરે તે ઇચ્છનીય છે. એક ટેક્સ પ્રોફેશનલ તરીકે હું ચોક્કસ માનું છું કે શેર બજારના વ્યવહાર કરતાં કરદાતાએ આ વિષય ઉપર નિષ્ણાંત ટેક્સ પ્રોફેશનલ્સનું માર્ગદર્શન લઈ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જરૂરી છે.

# ૧ જુલાઈ, ૨૦૨૩થી વિદેશી ટૂર પેકેજો માટે વધુ રકમ ચૂકવવા માટે તૈયાર રહો...

**૦૧.૦૭.૨૦૨૩**



By Darshan Tanna,
Tax Advocate, Junagadh

જુલાઈ ૨૦૨૩ થી શરૂ કરીને, આંતરરાષ્ટ્રીય મુસાફરી પેકેજોની કિંમતો વધશે. લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) આંતરરાષ્ટ્રીય રેમિટન્સ (શિક્ષણ અને તબીબી હેતુઓ સિવાય) માટે ૫ ટકાથી ૨૦ ટકા ટેક્સ કલેક્શન એટ સોર્સ (TCS) દર ધરાવે છે. આના કારણે, આંતરરાષ્ટ્રીય ટ્રિપ પેકેજીસ બુક કરવા માટેના રેમિટન્સ પર TCS વર્તમાન ૫ ટકાથી વધીને ૨૦ ટકા થઈ જશે. પરંતુ, જો તમે વિદેશી ફ્લાઈટ પોતાની રીતે ખરીદો છો (અને ૨૦%ની TCS ટ્રિપ પેકેજના ઘટક તરીકે નહીં), તો ત્યાં કોઈ TCS લાગુ કરવામાં આવશે નહીં.

ચાલો તમારી આંતરરાષ્ટ્રીય મુસાફરી પર આ નવા નિયમનની અસરોની તપાસ કરીએ. ૧ જુલાઈ, ૨૦૨૩ ના રોજ, જો તમે ટ્રાવેલ એજન્ટ પાસેથી આંતરરાષ્ટ્રીય ટૂર પેકેજ ખરીદો તો ૨૦% TCS જરૂરી રહેશે. જો તમે તમારી આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે અધિકૃત ડીલર પાસેથી વ્યક્તિગત રીતે વિદેશી ચલણ ખરીદો તો પણ તમારે ચૂકવવી પડશે. ‘‘ભારતીયની આંતરરાષ્ટ્રીય મુસાફરી આ વિચારથી પ્રભાવિત થશે, ખાસ કરીને જેઓ ટૂર પેકેજ બુક કરે છે. આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે અંદાજપત્રીય ફાળવણીમાં તરત જ તીવ્ર ૧૫% વધારો થશે.

એક ઉદાહરણ તમને સમજવામાં મદદ કરશે – ધ્યાનમાં લો કે તમે યુરોપમાં રૂ. ૧૦ લાખનું ફેમિલી હોલિડે પેકેજ આરક્ષિત કરવા માંગો છો. તમારે ટ્રાવેલ એજન્ટને વધારાના રૂ. ૨ લાખ (રૂ. ૧૦ લાખના ૨૦ ટકા). પ્રવાસ પેકેજની સમગ્ર કિંમત હવે રૂ. ૧૨ લાખ, વત્તા કોઈપણ લાગુ કર અને અન્ય ફી. તમારે બુકિંગ સમયે GST અને અન્ય કોઈપણ ફી, જો કોઈ હોય તો, સાથે કુલ રૂ. ૧૨ લાખ (રૂ. ૧૦ લાખ વત્તા રૂ. ૨ લાખ) ચૂકવવા પડશે. ટ્રાવેલ એજન્ટ દ્વારા એકત્રિત કરવામાં આવશે. TCS સ્પષ્ટતા. છેલ્લે, ધ્યાનમાં રાખો કે TCS એ પોતાના માટે ટેક્સ નથી. જ્યારે કરદાતા તેમના એકંદર આવકવેરાના બોજના સંબંધમાં ટેક્સ રિટર્ન ફાઈલ કરે છે ત્યારે તેને એડજસ્ટ કરી શકાય છે. ‘‘જે વ્યક્તિએ TCS ની રકમ ચૂકવી છે તે નાણાકીય વર્ષ માટે તેના બાકી કર સામે તેને સરભર કરવા પાત્ર છે,‘ ‘જો કોઈ વ્યક્તિ કર ફાઈલ કરે છે, તો ત્યાં રોકડ પ્રવાહની સમસ્યા હશે કારણ કે TCS માટે ક્રેડિટ તેની પાસેથી વસૂલવામાં આવી શકે છે. ટેક્સ રિટર્નમાં દાવો કર્યો છે (ક્યાં તો ટેક્સના એડજસ્ટમેન્ટ તરીકે અથવા ટેક્સના રિફંડ તરીકે). ટેક્સ રિટર્ન પૂર્ણ કર્યા પછી, કોઈપણ ટેક્સ રિફંડ જે સમાવિષ્ટ છે તે પરત મોકલવામાં આવશે. પરંતુ, તેણે ટ્રાવેલ પેકેજ માટે ખરીદેલ TCS જો તે ટેક્સ રિટર્ન ફાઈલ ન કરે તો તેના માટે વધારાના ખર્ચનું પ્રતિનિધિત્વ કરે છે.

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાત ટુરીઝમના સહકારથી સુરત ખાતે પ્લેટીનમ હોલમાં ટુરીઝમ કોન્કલેવ યોજાઇ

## સુરત એ બિઝનેસ ટુરીઝમ માટે પ્રસ્થાપિત થઇ શકે છે, ટુરીઝમ ઈન્ડસ્ટ્રીના પ્રોફેશનલ્સને પણ સ્કીલ્ડ કરવા પડશે, પ્રોફેશનલી ટ્રેઈન્ડ મેનપાવર મળશે તો ટુરીઝમ ઈન્ડસ્ટ્રી ગ્રો કરી શકશે, સુરતમાં ઘણું પોટેન્શીયલ છેઃ નિષ્ણાંતો

તા. ૨૦.૦૬.૨૦૨૩ઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત ટુરીઝમના સહકારથી ગુરૂવાર, તા. ૧૫ જૂન ૨૦૨૩ ના રોજ બપોરે ૩૩૦ થી રાત્રે ૮૦૦ કલાક સુધી સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે ટુરીઝમ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ટુરીઝમ તરફથી ખ્યાતિ નાયકે ગુજરાત સરકારની ટુરીઝમ પોલિસી, ગુજરાત ટુરીઝમમાં રોકાણની તકો, સિનેમેટિક ટુરીઝમ, એગ્રો ટુરીઝમ, મેડીકલ એન્ડ વેલનેસ ટુરીઝમ, ઈકો ટુરીઝમ, એડવેન્ચર ટુરીઝમ, હેન્ડીક્રાફટ એન્ડ હેન્ડલૂમ ટુરીઝમ, ગોલ્ફ ટુરીઝમ, સ્પોર્ટ્સ ટુરીઝમ અને સસ્ટેનેબલ એન્ડ રિસ્પોન્સીબલ ટુરીઝમ તથા પ્રમોશન, માર્કેટ રિસર્ચ તેમજ ટુરિસ્ટ એટ્રેકશન એન્ડ અપકમીંગ ટુરીઝમ પ્રોજેકટવિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ ઉપરાંત અનંતા હોટેલ એન્ડ રિસોર્ટ ગૃપના વાઇસ પ્રેસિડેન્ટ ગગન કટયાલે હોટેલ ઈન્ડસ્ટ્રી – કલ આજ ઔર કલ વિષે માહિતી આપી હતી. ટુરીઝમમાં પીએચડી કરનાર ડો. મધુ ગોપાલને ટ્રાવેલ વ્યવસાયના સૈદ્ધાંતિક મુલ્યો અને જવાબદારી વિષે જાણકારી આપી હતી. સાઉથ ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશનના વાઇસ પ્રેસિડેન્ટ સનત રેલીયાએ સ્ટાર રેટીંગ એન્ડ કલાસિફિકેશન ઓફ હોટેલ્સ વિષે માહિતી આપી હતી. સંજીવ કુમાર સંજુએ વિયેતનામ – એક લોકપ્રિય ટુરીસ્ટ આકર્ષણ વિષે જાણકારી આપી હતી. આ કોન્કલેવના આયોજન માટે ચેમ્બરની ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, ભારતના કુલ જીડીપીમાં ટ્રાવેલ અને ટુરીઝમનો હિસ્સો ૬.૮% છે. ટુરીસ્ટને આકર્ષવાનો સંબંધ છે ત્યાં સુધીમાં ગુજરાત સમગ્ર દેશની અંદર ૯માં નંબરે છે. ગુજરાતના કુલ જીડીપીમાં ટ્રાવેલ એન્ડ ટુરીઝમનો હિસ્સો ૧૦.૨% છે. ગુજરાતે આવનારા દિવસોમાં સંભવિત વિકાસના ક્ષેત્ર તરીકે મેડિકલ ટુરીઝમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે ખૂબ આનંદની વાત છે. એક દાવા મુજબ, સમગ્ર દેશમાં મેડીકલ ટુરીસ્ટની ટકાવારીમાં ૨૦%નો વધારો નોંધાયો છે પણ ગુજરાતમાં મેડીકલ ટુરીસ્ટની સંખ્યામાં ૩૩%નો વધારો નોંધાયો છે, જે આપણા ગુજરાત માટે ગર્વ લેવા જેવી બાબત છે.

ગુજરાત ટુરીઝમ તરફથી ખ્યાતિ નાયકે જણાવ્યું હતું કે, ગુજરાત એ હવે ટુરીઝમ ક્ષેત્રે પણ આગળ વધી રહયું છે અને સુરત એ આખા દેશની સુરત બદલે એવી તાકાત ધરાવે છે. દેશનું મેગા ટ્રાવેલ ફેર ગુજરાતમાં થાય અને ગુજરાતમાંય એ સુરતમાં થાય તો અતિ ઉત્તમ રહેશે. સુરત ટુરીઝમ ઈન્ફોર્મેશન બ્યુરો ટુર એન્ડ ટ્રાવેલ એસોસીએશન સાથે જોડાયેલું રહેશે અને તેઓના તરફથી સૂચનો આવકાર્ય રહેશે. આ ઉપરાંત તેઓની કોઇ રજૂઆત હશે તો તેના નિરાકરણ માટે પણ પ્રયાસ કરાશે. દેશ–વિદેશમાં ફરતા સુરતીઓ અને ગુજરાતીઓને તેમણે ગુજરાત રાજ્યના નાના નાના રિમોટ લોકેશનની પણ મજા માણવા અનુરોધ કર્યો હતો.




વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ખુશ્બુ ગુજરાત કી કેમ્પેઇન ચલાવ્યું હતું. ગુજરાત પણ હવે ટુરીઝમ હબ બનવા જઇ રહયું છે. ગુજરાતમાં કલ્ચર, હેરીટેજ અને મોડર્ન એમેનેટીઝ છે. અહીં દરેક પ્રાંતના લોકો વસે છે અને ગુજરાતના દરેક ખૂણામાં ટુરીઝમ માટે પોટેન્શીયલ છે. અઠવાડિયાની રજા માણવા માટે મોઢેરા ખાતે સુર્ય મંદિર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગીર, સાપુતારા, બે જ્યોર્તિલીંગ, દ્વારકાધીશ, હેરીટેજ પ્લેસ અને સીમા દર્શન (નડા બેટ) છે. ગુજરાતમાં ટુરીઝમ બિઝનેસને ગ્રો કરવા માટે ઈકો સિસ્ટમ ડેવલપ કરવી પડશે. એના માટે સરકાર દ્વારા તમામ પ્રયાસ કરવામાં આવી રહયા છે ત્યારે ગુજરાતની ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીને પણ આગળ આવવું પડશે.

સુરત એ બિઝનેસ ટુરીઝમ માટે પ્રસ્થાપિત થઇ શકે છે. ટુરીઝમ ઈન્ડસ્ટ્રીના પ્રોફેશનલ્સને પણ સ્કીલ્ડ કરવા પડશે. પ્રોફેશનલી ટ્રેઈન્ડ મેનપાવર મળશે તો ટુરીઝમ ઈન્ડસ્ટ્રી ગ્રો કરી શકશે. સુરતમાં ઘણું પોટેન્શીયલ છે. હોટેલ એન્ડ હોસ્પિટાલિટી માટે ચેમ્બર દ્વારા પ્રોફેશનલી કોર્ષ શરૂ કરાશે તો ગુજરાત ટુરીઝમ પણ તેમાં સહાય કરશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તેમણે હેરીટેજ ટુરીઝમ પોલિસી ૨૦૨૦–૨૦૨૫, સિનેમેટીક ટુરીઝમ પોલિસી ૨૦૨૨–૨૦૨૭ અને ટુરીઝમ પોલિસી ૨૦૨૧–૨૦૨૫ વિષે જાણકારી આપી હતી. તેમણે કહયું હતું કે, દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે કે જેને હેરીટેજ ટુરીઝમ પોલિસી બહાર પાડી છે.

ગગન કટયાલે જણાવ્યું હતું કે, હોટેલ ઈન્ડસ્ટ્રી એ ખરેખર સપનું છે. પહેલા લોકો હોટેલમાં જતા ગભરાતા હતા પણ હવે એવું રહયું નથી. હવે હોટેલવાળા લોકો પાસે જતા થયા છે. લોકોએ પોતાના ઘરો પણ હોટેલને આપ્યા છે અને એ પ્રોફેશનલી મેનેજ થઇ રહયું છે. હવે હોમ સ્ટે પણ હોટેલ ઈન્ડસ્ટ્રીનો ભાગ બની ગયું છે.

ડો. મધુ ગોપાલે જણાવ્યું હતું કે, ટુર ઓપરેટરો તેમજ હોટેલ ઈન્ડસ્ટ્રીની સાથે સંકળાયેલા લોકોને વાત કરવાની કળા શીખવી પડશે. પહેલા ટુરીસ્ટને સાંભળવા પડશે. એનાથી નોલેજ પણ મળશે અને તેઓનો અનુભવ પણ જાણી શકાશે. ટુરીસ્ટને ડેસ્ટીનેશન વિષે સમજણ આપવી પડશે અને પોતાની કંપનીનું એડવાન્ટેજ આપવું પડશે. તેમણે ટુર ઓપરેટરોને ગ્રાહકને સમય આપવાની અને તેઓની વ્યવસ્થિત રીતે સમજાવવાની સલાહ આપી હતી. વધુમાં તેમણે કહયું હતું કે, એકસચેન્જ ઓફ કલ્ચર, માઇન્ડ અને ફૂડ એ ટુરીઝમનું જમા પાસું છે.

સનત રેલીયાએ જણાવ્યું હતું કે, હોટેલ માટે સ્ટાર કલાસિફિકેશન માટેના વિવિધ નિયમોનું પાલન કરવાનું હોય છે. માત્ર ઈન્ટીરિયર પર ખર્ચ કરવાથી સ્ટાર કલાસિફિકેશન મળતા નથી. કલાસિફિકેશન હોય તો સરકારની સબસિડી પણ મળે છે. પબ્લીક લાયબિલિટીનો ઈન્સ્યુરન્સ નહીં લીધો હોય તો સ્ટાર કલાસિફિકેશન મળતો નથી. સ્ટાર કલાસિફિકેશન માટે વેન્ટીલેટર વિન્ડો અને રેન વોટર હાર્વેસ્ટીંગ સહિતની ઘણી બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે. સુરત ટેક્ષટાઇલ અને ડાયમંડનું સૌથી મોટું માર્કેટ છે ત્યારે મેરેજની ખરીદી માટે લોકો સુરતમાં આવે તે માટે પ્રયાસ કરી શકાય છે, આથી તેમણે ઇન બાઉન્ડ ટુરીઝમ માટે સુરતના ટુર ઓપરેટરોને પેકેજીસ બનાવવા માટે અનુરોધ કર્યો હતો.

સંજય કુમાર સંજુએ વિયેતનામ ફરવા જનારા ટુરીસ્ટો તથા ટુર ઓપરેટરોને હલોન્ગ બે, દાનાન્ગ, બાના હિલ્સ, હો ઇયાન ટાઉન અને હોચી મીન્ટ સિટી વિષે ટુર ઓપરેટરોને માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ રમેશ વઘાસિયા, વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ વિજય મેવાવાલા અને માનદ્? ખજાનચી ભાવેશ ગઢીયા કોન્કલેવમાં હાજર રહયા હતા. માનદ્? મંત્રી ભાવેશ ટેલરે કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના એડવાઇઝર વિનેશ શાહે કોન્કલેવ વિષે જાણકારી આપી હતી. કમિટીના કો–ચેરમેન તપન જરીવાલા અને ચેમ્બરના સભ્ય ચાંદની દલાલે કોન્કલેવનું સંચાલન કર્યું હતું.

ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના સભ્ય ડો. વાસુદેવ વરમોરા, TAAPI ના જોઇન્ટ સેક્રેટરી જિગ્નેશ પટેલ, SATAના પ્રમુખ મિનેશ નાયક અને SGTCAના પ્રમુખ રાજીવ શાહે નિષ્ણાંત વકતાઓનો પરિચય આપ્યો હતો. TAAIના સાઉથ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ માલ્કમ પંડોલે પેનલ ડિસ્કશન અને સવાલ–જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. નિષ્ણાંતોએ ટુર ઓપરેટરો તેમજ ટ્રાવેલ એજન્ટોના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયું હતું. આ કોન્કલેવના આયોજનમાં સુરતના સ્થાનિક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસીએશન જેવા કે TAAPI, SATA, TAAI, SGTCA અને SHARAનો પણ સહકાર પ્રાપ્ત થયો હતો.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# GSTR 1 તથા 3Bમાં તફાવતની નોટિસ મળે તો શું કરી શકાય?

## GST અંતર્ગત નવા ઉમેરેલા Rule 88C અને Rule 59માં એક કલોજ ઉમેરવામાં આવ્યો છે તેની સરળ ભાષામાં સમજુતી



By Prashant Makwana, Tax Consultant

**તારીખ : ૦૭/૦૭/૨૦૨૩**

**પ્રસ્તાવના**

GSTમાં નોંધાયેલ કરદાતા GSTR -1 અથવા IFF દ્વારા ઓઉટપુટ ટેક્ષ લાયબીલીટી ડીકલેર કરે છે. GSTR -3Bમાં ઓઉટપુટ ટેક્ષમાંથી ઈનપુટ ટેક્ષ બાદ કરને ટેક્ષ ભરે છે. ઘણી વખત એવું બનતું હોય છે કે, GSTR -1 અથવા IFF અને GSTR-3Bમાં ઓઉટપુટ ટેક્ષ લાયબીલીટીમાં તફાવત હોય છે. GSTR-3Bમાં ઓઉટપુટ ટેક્ષ લાયબીલીટી ઓછી ડીકલેર કરેલી હોય તો ગવર્મેન્ટને રેવન્યુ લોસ થાય છે. ગવર્મેન્ટને રેવન્યુ લોસ ના થાય અને કરદાતાના ઓઉટપુટ ટેક્ષના તફાવતનું કારણ ત્વરિત જાણી શકાય તે માટે GSTમાં RULE 88C ઉમેરવામાં આવ્યો છે અને RULE-59માં એક કલોઝ ઉમેરવામાં આવ્યો છે તેની સરળ ભાષામાં સમજુતી આ આર્ટીકલ માં આપવામાં આવી છે.

**RULE-88C**

ટેક્ષ પીરીયડ માટે GSTR-1 અથવા IFFમાં જે ટેક્ષ લાયાબીલીટી ડીકલેર કરવામાં આવી છે તે વધારે હોય

અને

GSTR-3Bમાં જે ટેક્ષ લાયાબીલીટી ડીકલેર કરેલી હોય તે ઓછી હશે તો

FORM GST DRC-01Bના PART-A દ્વારા E-MAIL અને GST PORTAL દ્વારા ટેક્ષ પેયરને જાણ કરવામાં આવશે અને કહેવામાં આવશે કે સાત દિવસમાં

૧. ડીફરન્સનો ટેક્ષ વ્યાજ સાથે FORM DRC-03 દ્વારા ભરવામાં આવે.

અથવા

૨. ટેક્ષના ડીફરન્સનું કારણ સમજાવવામાં આવે.

નોંધાયેલ કરદાતાને જયારે ઈન્ટીમેશન મળે ત્યારે ઈન્ટીમેશનમાં જે સમય આપ્યો છે તે સમયમાં વ્યાજ સાથે ટેક્ષનો ડીફરન્સ છે તે પુરેપુરો DRC-03 દ્વારા ભરવામાં આવે અથવા અડધો ટેક્ષ ભરે અને બાકીના ટેક્ષના ડીફરન્સનું FORM DRC-01Bના PAR-B દ્વારા તેનું કારણ સમજાવવામાં આવે.

અથવા

FORM GST DRC-01 Bના PART-Bમાં ટેક્ષના ડીફરન્સનું કારણ ઈલેકટ્રોનીકલ GST પોર્ટલ પર જણાવવામાં આવે.

RULE-88Cના SUB RULE-1ના ઈનટીમેશન મુજબ જો ટેક્ષ પેયર ટેક્ષ નો ભરે અને ટેક્ષ ડીફરન્સનું કારણ પણ ના જણાવે અથવા જે કારણ કરદાતા દ્વારા જાણવામાં આવ્યું છે તે ટેક્ષ ઓફિસરને યોગ્ય ના લાગે તો તો SECTION-79 મુજબ ટેક્ષ રીકવરીની પ્રોસેસ ઓફિસર દ્વારા શરુ કરવામાં આવશે.

**RULE-59**

RULE-88Cની સાથે RULE-59મા એક કલોઝ ઉમેરીને બીજી એક કડક જોગવાઈ કરવામાં આવી છે. RULE-88Cના SUB RULE-1ના ઈન્ટીમેશન મુજબ જે ટેક્ષ પેયર ટેક્ષના ભરે અને ટેક્ષ ડીફરન્સનું કારણ પણ નો જણાવે તો ત્યાર પછીના ટેક્ષ પીરીયડ્સનું GSTR-1 અથવા IFF પણ ભરી શકાશે નહી.

**FORM DRC-01B**

તારીખ ૨૬/૧૨/૨૦૨૨ના રોજ નોટિફિકેસન નંબર ૨૬ દ્વારા RULE-88 C અને RULE 59 લાગુ કરવામાં આવ્યો હતો RULE-88 C અને 59 શું છે તે આપણે જોયું તારીખ ૨૬/૦૬/૨૦૨૩ના રોજ એડવાઇઝરી બહાર પાડવામાં આવી છે. તેમ RULE 88C અને RULE 59 માટેનું FORM DRC-01B લાઈવ કરવામાં આવ્યું છે હવે આપણે FORM DRC-01Bની વિગત વાર ચર્ચા કારીશું.

**FORM DRC-01Bશું છે અને ક્યારે તેનો ઉપયોગ થાય છે?**

GSTR-1/IFF અને GSTR-3Bમાં ટેક્ષ લાયાબિલિટી ડિકલેર કરેલ હોય તેમાં તફાવત આવે ત્યારે FORM DRC-01Bનો ઉપયોગ થાય છે. FORM DRC-01Bના PART-A દ્વારા ટેક્ષ પેયરને GSTR-1 અને GSTR-3Bમાં જે લાયાબિલિટી ડિકલેર કરેલ છે તેમ તફાવત છે તેની જાણ કરવામાં આવે છે FORM DRC-01Bના PART-Bમાં ટેક્ષ પેયર તફાવતનો ટેક્ષ ભરે અથવા તફાવતનું કારણ સમજાવે છે.




**ટેક્ષ પેયરને કેવી રીતે ખબર પડશે કે FORM DRC-01B PART-B સબમિટ કરવાનું છે?**

જ્યારે FORM DRC-01B ના PART-A જનરેટ થસે ત્યારે એક રેફરન્સ નંબર બનશે અને તેની જાણ E-MAIL અને SMS દ્વારા ટેક્ષ પેયરને કરવામાં આવશે.

GST PORTAL પર પણ નીચે મુજબના સ્ટેપ ફોલો કરીને ચેક કરી શકાય છે.

SERVICES
RETURN
RETURN COMPLIANCE
LIABILITY MISMATCH
DRC-01B

**FORM DRC-01B MONTHLY ફાઇલ કરવાનું કે QUARTERLY?**

જે ટેક્ષ પેયર MONTHLY GSTR-3B ફાઇલ કરે છે તે ટેક્ષ પેયરને જો GSTR-1 અને GSTR-3Bમાં જે ટેક્ષ લયાબિલિટી ડિકલેર કરી હોય તેમાં તફાવત હોય તો FORM DRC-01B MONTHLY જનરેટ થસે અને MONTHLY FORM DRC-01B ફાઇલ કરવાનું રહેશે. જે ટેક્ષ QUARTERLY GSTR-3B ફાઇલ કરે છે તે ટેક્ષ પેયરને જો GSTR-1 અને GSTR-3Bમાં જે ટેક્ષ લયાબિલિટી ડિકલેર કરી હોય તેમાં તફાવત હોય તો FORM DRC-01B QUARTERLY જનરેટ થસે અને QUARTERLY FORM DRC-01B ફાઇલ કરવાનું રહેશે. ટેક્ષપેયર GSTR-3B MONTHLY ફાઇલ કરે છે કે QUARTERLY તેના પર FORM DRC-01B ફાઇલ કરવાનું રહેશે.

**FORM DRC-01Bનો રિપ્લાય કરવામાં ના આવે તો શું થાય ?**

જો ટેક્ષ પેયર દ્વારા FORM DRC-01Bનો રિપ્લાય કરવામાં નો આવે તો જે ટેક્ષ પિરિયડનું FORM DRC-01B જનરેટ થયું છે તેના પછીના ટેક્ષ પિરિયડનું GSTR-1\IFF ફાઇલ થય શકશે નહીં અને ટેક્ષ ઓફિસર દ્વારા સેક્સન ૭૯ મુજબ ટેક્ષ રિકવરીની પ્રોસેસ ચાલુ કરવામાં આવશે.

જે વેપારી GSTR-1માં વધુ વેચાણ દર્શાવે છે અને GSTR-3Bમાં ઓછુ વેચાણ દર્શાવીને ટેક્ષ ચોરી કરે છે તેવા વેપારીને ટેક્ષ ચોરી અટકાવવા માટે આ નિયમ ખુબ જ જરૂરી છે. પરંતુ ઘણી વખત વેપારીનો ઈરાદો ટેક્ષ ચોરી નો નથી હોતો પણ કલેરીકલ ભૂલ ને કારણે GSTR-3Bમાં વેચાણ ઓછુ દર્શાવાય જાય તેવા વેપારી માટે આ નિયમ મુશ્કેલ બની જશે.

# વેપારીઓની તરફેણમાં આવ્યો મહત્વનો ચુકાદો પરંતુ શરતો લાગુ

**કલકત્તા હાઈકોર્ટની સિંગલ જજ બેન્ચ દ્વારા વેપારીઓની તરફેણમાં એક ખૂબ મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. આ ચુકાદામાં ઠરાવવામાં આવ્યું છે કે પાછલી તારીખથી વેચનાર વેપારીનો નોંધણી દાખલો રદ્દ કરવામાં આવ્યો છે તે કારણોસર ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરી શકાય નહીં**

**કેસના તથ્યો**

આ કેસ અંગે વિગતો જાણીએ તો મે. ગાર્ગો ટ્રેડર્સ તેઓ દ્વારા મે. ગ્લોબલ બિટુમેન પાસેથી જે ખરીદી કરવામાં આવેલ હતી. આ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા એ કારણસર ના મંજૂર કરવામાં આવી હતી કે મે. ગ્લોબલ બિટુમેન બોગસ વેપારી હોય તેનો જી.એસ.ટી. નોંધણી દાખલો પાછલી તારીખથી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રદ્દ કરવામાં આવ્યો છે. ખરીદનાર વેપારી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૧,૩૧,૫૧૩/– ની રકમની ખરીદી કરી હતી. આ ખરીદી માટે માલ વાહનના પુરાવા પણ ખરીદનાર વેપારી મે. ગાર્ગો ટ્રેડર્સ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ખરીદનાર વેપારી દ્વારા વેચનાર વેપારીને બેન્ક દ્વારા ચુકવણી કર્યા હોવાના પુરાવા પણ અરજકર્તા દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. અરજકર્તા દ્વારા રિટ પિટિશનમાં દાદ માંગવામાં આવી હતી કે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા જે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરવામાં આવી છે તે આદેશ રદ્દ કરવામાં આવે.

**જી.એસ.ટી. ડિપાર્ટમેંટની દલીલ**

જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા એવી દલીલ રજૂ કરવામાં આવી કે અરજકર્તા ખરીદનાર દ્વારા જે વેપારી પાસેથી ખરીદી કરવામાં આવી છે તે વેપારીને ત્યાં તપાસ કરતાં તે વેપારી બોગસ વેપારી છે તેવું પુરવાર થયું છે. આ વેચનાર વેપારી દ્વારા જે વેચાણની વાત છે તે માલ પણ બોગસ છે અને તેઓના દ્વારા બેન્ક ખાતા જે શરૂ કરાવવામાં આવ્યા હતા તે પણ ખોટા દસ્તાવેજ દ્વારા ખોળવવામાં આવ્યા હતા. વેચનાર વેપારીનો જી.એસ.ટી. નોંધણી દાખલો ખરીદનાર વેપારીના વ્યવહારોના સમય પહેલાથી રદ્દ કરવામાં આવ્યો છે. આમ, ખરીદનાર કરદાતાને આ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આપી શકાય નહીં.

**ખરીદનાર વેપારી તરફે રજૂઆત**

જી.એસ.ટી. ડિપાર્ટમેંટની આ દલીલ સામે ખરીદનાર વેપારી દ્વારા સોગંદનામું રજૂ કરી સાથો સાથ, ખરીદીના ઇંવોઇસ, ટ્રાન્સપોર્ટેશનની વિગતો, ઈ વે બિલની વિગતો, બેન્ક સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવ્યું હતું. અરજકર્તાના વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે આ તમામ વિગતો અધિકારીને રજૂ કરવામાં આવી હતી જેના ઉપર અધિકારી દ્વારા કોઈ ધ્યાને લેવામાં આવેલ નથી. ખરીદનાર વેપારીના વકીલ દ્વારા તેઓની તરફેણમાં LGW Industries Limited & Ors Vs Union Of India WPA 23512 of 2019 નો ચુકાદો રજૂ કરવામાં આવ્યો હતો.

**કલકત્તા હાઈકોર્ટનો ચુકાદો**

કોર્ટ દ્વારા બન્ને પક્ષોની દલીલ સાંભળી ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે જ્યારે ખરીદનાર દ્વારા વેચનાર વેપારી પાસેથી ખરીદી કરવામાં આવી હતી ત્યારે વેચનારનો જી.એસ.ટી. નંબર ચાલુ હતો અને પોર્ટલ ઉપર પણ ચાલુ દર્શાવતો હતો. ખરીદનાર દ્વારા માલ વહનના પુરાવા તથા વેચનારને બેન્ક દ્વારા કરવામાં આવેલ ચુકવણીની વિગતો પણ રજૂ કરવામાં આવેલ છે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી એવી દલીલ પણ કરવામાં આવી નથી કે ખરીદનાર વેપારી અને વેચનાર વેપારી દ્વારા એક સંપ થઈ આ વ્યવહારો કરવામાં આવ્યા છે. માત્ર વેચનાર વેપારીનો નોંધણી નંબર રદ્દ થઈ ગયાના કારણોસર ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરી શકાય નહીં. LGW Industries Limited & Ors Vs Union Of India WPA 23512 of 2019નો ચુકાદો આ કેસને સંપૂર્ણ રીતે લાગુ પડે છે. કલકત્તા હાઈકોર્ટની સિંગલ બેન્ચ દ્વારા જી.એસ.ટી. ડિપાર્ટમેંટનો આદેશ રદ્દ કરી ઠરાવવામાં આવ્યું હતું કે કરદાતાની વિગતો ધ્યાને લઈ ફરી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ખરીદનારને પોતાની વિગતો રજૂ કરવાની તક આપી, કારણ સાથે વિગતવાર આદેશ પસાર કરવામાં આવે.

**ખરીદનારને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે પરંતુ શરતો લાગુ***

આ કેસમાં ભલે ખરીદનાર વેપારીની તરફે ચુકાદો આપવામાં આવેલ છે. પરંતુ વેપારીઓએ એ બાબત યાદ રાખવી ખૂબ જરૂરી છે કે સામાન્ય રીતે આકારણીમાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ આ પ્રકારના કેસોમાં ક્રેડિટ આપશે નહીં. અપીલ અધિકારી પણ કદાચ આ પ્રકારના કેસોમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતે રાહત આપશે નહીં. આ પ્રકારની ક્રેડિટ બાબતે તકરાર કરી હાઈકોર્ટ કે ટ્રિબ્યુનલ જવું પડે તેવી પરિસ્થિતી છે. આ ઉપરાંત એ બાબત પણ જાણવી ખૂબ જરૂરી છે કે આ પ્રકારના કેસોમાં પોતાની તરફેણમાં ચુકાદો અપાવવામાં ખરીદનારને નીચેની બાબતો ખૂબ ઉપયોગી નીવડી છે

- તેઓની ખરીદી સમયે વેચનારનો જી.એસ.ટી. નંબર પોર્ટલ પર ચાલુ હતો તે અંગેના પુરાવા
- તેઓની ખરીદી અંગે ટેક્સ ઇંવોઇસ તથા સાથો સાથ માલ વહનના પુરાવા જેવા કે ટ્રાન્સપોર્ટ રસીદ (એલઆર) તથા E Way bill પણ હતા.
- તેઓની ખરીદી અંગે બેન્ક દ્વારા ચુકવણી થયા હોવાના પુરાવા પણ હતા
- ખરીનારની વેચનાર સાથેની કોઈ સાંઠગાંઠ સાબિત થઈ નથી.

સામાન્ય રીતે એવું માનવમાં આવતું હોય છે કે ખરીદનાર વેપારી પાસે ટેક્સ ઇંવોઇસ હોય એટ્લે તેઓ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા હક્કદાર બની જતાં હોય છે. પણ આ બાબત ખોટી છે. ટેક્સ ઇંવોઇસ હોવું તો ફરજિયાત છે જ પણ સાથો સાથ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માટે હક્કદાર બનવા માલ વહન ના પુરાવા જેવા કે ટ્રાન્સપોર્ટમાં આવેલ માલ માટે LR તથા જો માલ ૫૦૦૦૦/–થી વધુનો માલ હોય તો E Way બિલ પણ હોવું જરૂરી છે. આ ઉપરાંત માલની ચુકવણી બાબતે પુરાવા પણ અધિકારી માંગી શકે છે. વેપારીને પોતાની ખરીદી અંગેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા ઉપરોક્ત ચુકાદો જરૂર ઉપયોગી થશે, શરત એટલી જ કે તેઓન દ્વારા આ કેસના અરજકર્તાની જેમ યોગ્ય પુરાવાઓ જાળવેલ હોય.

**By Bhavya Popat**

**( આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપાર ભૂમિ પૂર્તિમાં તા. ૧૯/૬/૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# જામનગરના કોમર્શિયલ ટેકસ પ્રેકટીશ્નર એસો. દ્વારા જીએસટી દિવસની ઉજવણી

## કરવેરા સલાહકારો તથા જીએસટીના અધિકારીઓ સાથે યોજાઈ શુભેચ્છા બેઠક

**જામનગર તા. ૧૪**

તા. ૧ લી જુલાઈએ ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ (જીએસટી)ના કાયદાને છ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જામનગરના કોમર્શિયલ ટેકસ પ્રેકટીશ્નર્સ એસોસિએશન દ્વારા એસો.ના સભ્યો, કરવેરા, સલાહકારો તથા જીએસટી વિભાગના અધિકારીઓ સાથે શુભેચ્છા બેઠક યોજી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આસી. કમિશનર સેન્ટ્રલ જી.એસ.ટી રાજેન્દ્રસિંહ જાડેજા સ્ટેટ જીએસટીના આસી. કમિશનર ધર્મેન્દ્રભાઈ પારખીયા, અંકિતાબેન ચેતરીયા, આશિષકુમાર વળવાઈ, હિતેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

એસો.ના પ્રમુખ અક્ષતભાઈ વ્યાસે સ્વાગત પ્રવચન કરી બેઠકનો ઉદ્દેશ્ય રજુ કર્યો હતો. અને એસો.ની. પ્રવૃત્તિઓ જણાવી હતી. ઉપસ્થિત અધિકારીઓનું એસો. ના કર્ણીકભાઈ કોઠારી, અમિતભાઈ પરમાર, વિમલભાઈ ધાડીયા, ચિંતનભાઈ કાનાણી, ધનજીભાઈ નકુમે પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ બેઠકમાં



**આસી. કમિશનર સેન્ટ્રલ જી.એસ.ટી રાજેન્દ્રસિંહ જાડેજા સ્ટેટ જીએસટીના આસી. કમિશનર ધર્મેન્દ્રભાઈ પારખીયા, અંકિતાબેન ચેતરીયા, આશિષકુમાર વળવાઈ, હિતેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા**

જી.એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. એસો. ના પંકજભાઈ વાઘર, પ્રકાશભાઈ ઝવેરી, પ્રફુલભાઈ મણીયાર, નિરવભાઈ વડોદરીયા, દિપકભાઈ ભટ્ટે મહાનુભાવોનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. રવિન્દ્ર માણેકે આભાર દર્શન કર્યું હતું.

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

09th July 2023

Goods & Services Tax

**અમારા અમારા અસીલનું ટનઓવર ૫ કરોડથી ઉપર છે,અને તેને ઓગસ્ટ ૨૩ થી ઈ-ઇન્વોઈસ બનાવવાનું ફરજીયાત છે. તેમને હોલસેલનો વેપાર છે,એટલે ઘણીવાર B2B વેચાણમાં માલ ડિલેવરી સમયે RETURN થતો હોય છે. તો શું ઈ-ઇન્વોઈસ બની ગયા પછી તેમાં સુધારો કરી શકાય ? જો ન કરી શકાય તો તે માલ પરત આવ્યો તેનું ADJUST કઈ રીતે થઈ શકે ? – નિમેષ પરિખ, જુનાગઢ**

જવાબ આપના અસીલ દ્વારા B2B અસીલને આપવામાં આવેલ ઈ ઈંવોઈસના કિસ્સામાં માલ પરત થાય ત્યારે આ અંગે વેચનાર દ્વારા ખરીદનારને ઈ ક્રેડિટ નોટ આપી આ માલ પરત એડજસ્ટ કરી શકાય તેવો અમારો મત છે.

**વેટ કાયદા હેઠળ આકારણીમાં બાકી વેરાનું માંગણું ઉપસ્થિત થાય તેની સામે ઈનપુ ટેક્સ ક્રેડિટ જમા રહેતી હોય ત્યારે વ્યાજ લાગુ પડે નહીં તે પ્રમાણેનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો છે. આ ચુકાદો જી.એસ.ટી. માં લાગુ પડે કે નહીં તે અંગે જાણકારી આપવા વિનંતી. – જીતેશ કાપડિયા, જેતપુર**

જવાબ જી.એસ.ટી. કાયદા હેઠળ પાછલી અસરથી કલમ ૫૦માં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર મુજબ જે સંજોગોમાં કરદાતા કેશ લેજર દ્વારા રકમ ભરવા જવાબદાર થતાં હોય અને તેના દ્વારા કર ભરવામાં ચૂક કરવામાં આવે તો જ વ્યાજ લાગુ પડે તેવો અમારો મત છે. ક્રેડિટ દ્વારા કરદાતા જ્યારે ટેક્સ ભરી શકતા હોય અને આમ, રોકડમાં કોઈ વેરો જે તે સમય પર ભરવાનો થતો ના હોય ત્યારે વ્યાજની જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ એક્સપોર્ટ કરે છે. આ સાથે તેઓનું લોકલ વેચાણ પણ છે. અમે જ્યારે GSTR 1 ફાઈલ કરીએ ત્યારે વિથઆઉટ પેમેન્ટ ઓફ ટેક્સમાં અમે દર્શાવીએ છીએ. પરંતુ નીચે ટેક્સેબલ વેલ્યૂના કૉલમમાં ૦%માં દર્શાવવાની આવે કે અન્ય કોઈ જગ્યાએ દર્શાવવાની રહે? – વિમલ કાકડિયા, રાજકોટ**

જવાબ: આપના અસીલ દ્વારા એક્સપોર્ટ કરવામાં આવેલ માલની રકમ ટેક્સેબલ વેલ્યૂના કૉલમમાં જે તે માલના ટકાવારી સામે દર્શાવવાનું રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પશ્ચિમ બંગાળમાંથી ખરીદી કરે છે. આ માલ તેઓ દ્વારા વેચનાર વેપારીને સીધો મધ્ય પ્રદેશ મોકલવા જણાવવામાં આવે છે. આ માલના વેચનાર (પશ્ચિમ બંગાળ)ના વેપારી માટે પ્લેસ ઓફ સપ્લાય મધ્ય પ્રદેશ આવે કે ગુજરાત?**

જવાબ આપના અસીલ જ્યારે પશ્ચિમ બંગાળ માંથી માલ ખરીદી આ માલની ડિલિવરી મધ્ય પ્રદેશ મોકલવા સૂચના આપે ત્યારે પશ્ચિમ બંગાળમાંથીમાલ વેચાણના બિલમાં પ્લેસ ઓફ સપ્લાય ગુજરાત આવે તેવો અમારો મત છે. ગુજરાતના વેપારીએ માલનું વેચાણ મધ્ય પ્રદેશને દર્શાવવાનું રહે અને આ ઈંવોઈસમાં પ્લેસ ઓફ સપ્લાય મધ્ય પ્રદેશ આવે તેવો અમારો મત છે.

01st July 2023

Goods & Services Tax

**અમારા અસીલ Composition હેઠળ ટેક્સ ભરતા કરદાતા છે. તેઓને ASMT 10ની નોટિસ આવેલ છે. અમારા અસીલ દ્વારા માત્ર કરપાત્ર ટર્નઓવર ઉપર ૧% ભરેલ છે જ્યારે અધિકારી દ્વારા કુલ ટર્નઓવર ઉપર ૧% વેરો ભરવા જણાવેલ છે. આ અંગે આપનો અભિપ્રાય આપવા વિનંતી. – જગદીશ વ્યાસ I એસોસીએટ, ડીસા**

જવાબ: આ ASMT 10 ક્યાં નાણાકીય વર્ષની છે તે પ્રશ્નમાં જણાવેલ નથી. ૧૦.૧૧.૨૦૧૭ સુધી ટ્રેડર તથા મેન્યૂફેક્ચરર બન્ને માટે કુલ ટર્નઓવરના ૧% ભરવાની જવાબદારી આવે જ્યારે ૧૦.૧૧.૨૦૧૭ થી વેપાર (ટ્રેડર) માટે ટેક્સેબલ ટર્નઓવરના ૧% તથા ઉત્પાદક (મેન્યૂફેક્ચરર) માટે કુલ ટર્નઓવરના ૧% ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. હેઠળ સ્થાવર મિલ્કતના વેચાણ સંદર્ભે કંપલીશન સર્ટીફીકેટ તથા BUની મહત્વતા છે. આ કંપલીશન સર્ટીફીકેટ કે BU આવ્યા પછી GST લાગુ થતો નથી. આ કંપલીશન સર્ટીફીકેટ તથા BU સર્ટિફિકેટની વિધિમાં ઘણી વાર લગતી હોય છે. શું કરદાતા આ કરમુક્તિનો લાભ મેળવવા પોતાના ચાર્ટર્ડ એંજિનિયર પાસેથી કંપલીશન સર્ટિફિકેટ લઈ નગરપાલિકા-મહા નગરપાલિકામાં કંપલીશન સર્ટિફિકેટ માટે અરજી કરી આપે તો ચાલે? – CA હર્ષિત એસ. મહેતા, રાજકોટ**

જવાબ: સ્થાવર મિલકતના વેચાણ સંદર્ભે ''ગુડ્સ''ની વ્યાખ્યામાંથી બહાર નિકડવા બિલ્ડીંગ યુઝ (BU) પરમીશન આવે પછી જ વેચાણ કરમુક્ત બને. જ્યાં **BU** આપવામાં ના આવતા હોય ત્યાં ફર્સ્ટ યુઝ સર્ટિફિકેટ પછી આ વેચાણમાં કરમુક્તિનો લાભ મળે તેવો અમારો મત છે.

Income Tax

**અમારા અસીલ હોલસેલર્સ છે. તેઓ તેમના ડીલરને ટ્રીપમાં લઈ જાય છે. આ માટે તેઓ ૨૦૦૦૦/-થી વધુની બુકિંગ રકમ ચૂકવે છે. શું આ ૨૦૦૦૦/-થી વધુના બેનિફિટ ઉપર 194R લાગુ પડે? આ કરેલ ખર્ચ ઘણીવાર તેઓની ઉત્પાદક કંપની તેઓને રીમ્બર્સ પણ કરતી હોય છે. તો આ રીમ્બર્સ થયેલ રકમ ઉપર કલમ 194R કેવી રીતે લાગુ પડે?**

જવાબ: તમારા અસીલ જે હોલસેલર્સ છે તેઓ પોતાના ડીલરને ટ્રીપ પર લઈ જાય ત્યારે તેઓ દ્વારા આ TDS કાપવાની જવાબદારી આવે. જો કંપની દ્વારા આ રકમ રીમ્બર્સ કરવામાં આવતી હોય તો કંપની દ્વારા એ રીમ્બર્સ કરેલ રકમ ઉપર TDS કરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**-:: ખાસ નોંધ ::-**

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમર:** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

## GSTR 3B અને GSTR 1 વચ્ચે તફાવત હશે તો કરદાતાને આવશે ઓનલાઈન DRC 1Bમાં નોટિસ

### જી.એસ.ટી. પોર્ટલ ઉપર શરૂ થઈ આ નોટિસ આપવાની સગવડ તથા તેનો જવાબ આપવાની સગવડ GSTR 3Bમાં GSTR 1 કરતાં ઓછી ટેક્સ જવાબદારી દર્શાવી હશે તો આવશે આ નોટિસ!!

તા. ૦૪.૦૭.૨૦૨૩: જી.એસ.ટી. રિટર્ન 3B અને જી.એસ.ટી.આર. ૧ વચ્ચે તફાવત હશે તો હવે જી.એસ.ટી. પોર્ટલ ઉપર આ બાબતે DRC 01 Bમાં નોટિસ આપવામાં આવશે. આ નોટિસ કરદાતાને રિટર્ન પ્રમાણે આપવામાં આવશે.

આમ, માસિક રિટર્ન ભરતા કરદાતાઓને માસિક રિટર્નના ધોરણે અને ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓને ત્રિમાસિક રિટર્ન પ્રમાણે આ નોટિસ આપવામાં આવી શકે છે. કરદાતાના રિટર્નમાં સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ મર્યાદા કરતાં વધુ તફાવત હશે તો જ આ નોટિસ આપવામાં આવશે.

આ તફાવત આપવા અંગેની સગવડ જી.એસ.ટી. પોર્ટલ ઉપર હવે શરૂ કરવામાં આવેલ છે. કરદાતાને DRC 01Bમાં આપવામાં આવે ત્યારે તેઓ દ્વારા આ તફાવતનું કારણ આ નોટિસના ભાગ Bમાં દર્શાવવાનું રહેશે. આ તફાવતનું કારણ પણ કરદાતા દ્વારા ઓનલાઈન જી.એસ.ટી. પોર્ટલ ઉપર જ દર્શાવવાનું રહેશે. જો આ તફાવતનો કરદાતા દ્વારા સ્વીકાર કરવામાં આવે તેવા સંજોગોમાં તે તફાવત બાબતનું ચલણ પણ તેઓ દ્વારા ભરી ઓનલાઈન આ નોટિસના જવાબમાં રજૂ કરવાનું રહેશે.

કરદાતા પોતાના જી.એસ.ટી. પોર્ટલના લૉગિનમાં, સર્વિસ વિકલ્પ હેઠળ, રિટર્ન વિકલ્પ હેઠળ રિટર્ન કંપલાયન્સ'' હેઠળ આ નોટિસ જોઈ શકશે. જે કરદાતાઓને આ નોટિસ આપવામાં આવેલ છે તેઓ આ નોટિસનો જવાબ ના આપે ત્યાં સુધી તેઓ તેમનું પછીનું IFF કે GSTR 1 ભરી શકશે નહીં. જી.એસ.ટી.આર. ૧ માં વધુ વેચાણ દર્શાવી GSTR 3Bમાં ઓછું વેચાણ દર્શાવતા કરદાતાઓ માટે GSTR 1B કરચોરી મુશ્કેલ બનાવશે તે બાબત ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**


# DSC SCHOOL Of COMMERCE

DSC PUBLIC SCHOOL – EXCELLENCE IN EDUCATION

Veraval Road, Near Lamdhar Fatak, UNA Mo.+91 8758470700

ધોરણ ૧૦ માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને 30% સુધીની સ્કોલરશીપ



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની ઉના પીપલ્સ કો-ઓપ બેન્કની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની DEO ની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની GST ઓફીસની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની INCOME TAXઓફીસની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની મારૂતિ જીનીંગ ઇન્ડ.ની મુલાકાત


DSC સ્કૂલના વિદ્યાર્થીઓની કૈલાશ કોટન પ્રા.લી.ની મુલાકાત

એડમીશન ઓપન
ધોરણ:૧૧ અને ૧૨ કોમર્સ
ઇંગ્લીશ/ગુજરાતી મીડીયમ

એડમિશનની વધુ વિગતો માટે વિઝીટ કરો:
http://www.dscpublicschool.org

**શા માટે કોમર્સ DSC SCHOOL OF COMMERCE ???**

- કોમર્સ શીખો કોમર્સ વિષયના તજજ્ઞો પાસેથી
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતો
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ બેન્કો તથા જી.એસ.ટી., ઇન્કમ ટેક્ષ જેવી સરકારી ઓફીસની મુલાકાતો
- જી.એસ.ટી. અધિકારી, ઇન્કમ ટેક્સ અધિકારી જેવા સરકારી અધિકારીઓ, નિષ્ણાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નિષ્ણાંત વકીલો જેવા તજજ્ઞોના લેક્ચરોનો લાભ
- કોમર્સના વિવિધ વિષયો ઉપર વિદ્યાર્થીઓને લગતા વેબીનાર





◆ Year: 7, ◆ Issue No.9, ◆ Continue Issue No.81, ◆ Date: 15/07/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.